**ભાવનગર જિલ્લાની શ્રમ અદાલત નં.ર ના પ્રમુખ અધિકારી**
**શ્રી એમ.ડી.સેતા સમક્ષ**

**રેફરન્સ(એલ.સી.બી.)નં. ૩પ૬/ર૦૦૩**
**આંકઃ ૭**

શ્રી ભાયાણી નીતિન ઈન્દુલાલ,
c/o : શ્રી એ.બી. ત્રિવેદી,
એસ–૪, સેકન્ડ ફલોર,
દીપ શોપીંગ સેન્ટર, પીરછલ્લા રોડ,
ભાવનગર. .....................અરજદાર

**વિરૂઘ્ધ**

(૧) પ્રમુખ શ્રી,
શ્રી મહાવીર જૈન વિઘાલય,
તળાજા રોડ, રૂપાલી સોસાયટી સામે,
ભાવનગર.
(ર) મંત્રીશ્રી,
શ્રી મહાવીર જૈન વિઘાલય,
તળાજા રોડ, રૂપાલી સોસાયટી સામે,
ભાવનગર.
(૩) પ્રેસીડન્ટ તથા સેક્રેટરીશ્રી,
દીપચંદ એસ. ગાર્ડી,
શ્રી મહાવીર જૈન વિઘાલય,
ઓગસ્ટ ક્રાતી માર્ગ,
મુંબઈ. ................સામાવાળાઓ

**વિષયઃ–** **<u>ઔઘોગિક વિવાદ અધિનિયમ– ૧૯૪૭ ની કલમ –૧૦ (૧) અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે.</u>**

**પ્રતિનિધિત્વઃ–** અરજદાર તરફે :– વિ.વકીલ શ્રી એ.બી.ત્રિવેદી
સામાવાળા સંસ્થા તરફે :– ગેરહાજર

**–:: એવોર્ડ ::–**

(૧) સદરહુ ઔઘોગિક વિવાદ, મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભાવનગર ઘ્વારા તેઓના હુકમ ક્રમાંક નંબરઃ કે.એચ./એસ.એચ.એમ.સી./ બી.એચ.એ./ એ.જે.બી./આઈ.ડી.આર./પ૧ર/ર૦૦૩/૭પ૪૬, તા.૦૬/૧ર/૦૩ અન્વયે ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને નીચે મુજબની અનુસૂચિ અન્વયે મોકલાવેલ છે.

**–: અનુસૂચિઃ–**

" શ્રી ભાયાણી નીતિન ઈન્દુલાલને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ? "

(૨) સદરહુ રેફરન્સ કેસમાં પક્ષકારોને આંક–ર ની વિગતે નોટીસ કરવામાં આવેલ છે, જે નોટીસ પક્ષકારોને ધોરણસર બજી ગયેલ છે.

(૩) સદરહુ કામે આંક–૩ થી મુ.તા. ૦૭/૦૧/૦૫ ના રોજ વિ. વકીલ શ્રી એ.બી.ત્રિવેદીનું વકીલાતપત્ર રજુ થયેલ છે તેમજ આંક–૪ થી અરજદારનું માંગણીનું નિવેદન રજુ થયેલ હોય, જે વંચાણે લેતાં, અરજદાર સામાવાળાને ત્યાં છેલ્લા ચાર વર્ષ નવ મહિનાથી આસી.ગૃહપતિ તરીકે કામ કરતા હતા અને છેલ્લા માસિક પગાર રૂા. ૪૨૫૦/– વેતન મળતું હતું તેમ જણાવી સામાવાળાએ તેઓને તા. ૦૭/૦૯/૦૩ ના રોજ તદ્દન ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી અચાનક છુટા કરી દીધેલ હોવાનું જણાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓને છુટા કરતી વખતે અનુસરવી જોઈતી કોઈ પણ કાર્યવાહીનું અનુસરણ સામાવાળાએ કરેલ નથી, સીનીયોરીટી લીસ્ટ બનાવેલ કે પ્રસિધ્ધ કરેલ નથી તેમજ તેમનાથી જુનીયરને નોકરીમાં ચાલુ રાખી તેઓને છુટાકરી નવી ભરતીમાં પણ બોલાવેલ નથી તેમ જણાવેલ છે. વિશેષમાં છુટા કરતી વખતે તેઓને નોટીસ,નોટીસપગાર કે છટૃણી વળતરની રકમ ચુકવ્યા વિના સાંભળવાની કોઈ તક આપ્યા સિવાય, ખાતાકીય તપાસ કર્યા સિવાય છુટા કરી દીધેલ હોવાનું જણાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, છુટા કરતી વખતે તેઓની બાકી લેણી નીકળતી રકમ ચુકવેલ નથી કે કાયદાકીયજોગવાઈ મુજબની મંજુરી મેળવેલ નથી. વિશેષમાં જણાવેલ છેકે, તેઓએ સામાવાળાને તા. ૧૬/૦૯/૦૩ ના રોજ આર.પી.એડી પત્ર થી નોટીસ આપીને ફરીને કામે લઈ લેવા માંગણી મુકેલ પરંતુ સામાવાળાએ તેમ કરેલ નથી કે નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી તેમ જણાવેલ છે. અરજદારે માંગણીના નિવેદન અન્વયે ઉપરોકત હકીકતો જણાવી દાદ માંગેલ છે કે, તેઓને છુટા કરવાનું સામાવાળાનું પગલું ગેરકાયદેસર ઠરાવી તેઓને તેમના પડેલા દિવસોના પગાર તથા અન્ય તમામ લાભો

સાથે તેઓની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરે તેવો સામાવાળાને હુકમ કરવા અરજ કરેલ છે. વિશેષમાં સદરહુ અરજીના ખર્ચ પેટે રૂા. ૧૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૪) સદરહુ કામ સામાવાળાના જવાબના સ્ટેજે મુ.તા. ૨૫/૦૩/૦૫ થી હોય, સામાવાળાઓને અનેક મુદ્દતો દરમ્યાન અવાર નવાર તક આપવા છતાં, સામાવાળાઓ તરફે જવાબ રજુ કરેલ ન હોય, મુ.તા. ૧૬/૦૧/૨૦૧૮ ના રોજ પ્રોસીડીંગ્ઝ અન્વયે સામાવાળાના જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) સદરહુ કામમાં અરજદાર પક્ષના પુરાવાના સ્ટેજે યોગ્ય અને પુરતી તકો આપવા છતાં, અરજદાર તરફે પુરાવો રજુ થયેલ ન હોય, હાલના કામે ન્યાયના હિતમાં અરજદારને ફરી આંક–૬ થી કરેલ નોટીસ અન્વયે બેલીફશ્રીના શેરા મુજબ અરજદાર પહેલા ત્યાં રહેતા હતા પરંતુ હાલમાં બીજે રહેવા જતા રહેલ હોવાનું દર્શાવી તે નોટીસ વગર બજયે પરત ફરેલ હોય, અત્રે એ નોંધ લેવી ઘટે કે, સદરહુ કામે અરજદારે પોતાના કેસમાં હાજર રહી રજુઆત કરવા અંગે કોઈ દરકાર દાખવેલ ન હોય, કે અન્યત્ર રહેવા જતા રહેલ હોય તો અત્રેની કોર્ટ સમક્ષ તેઓનું નવું સરનામું રજુ કરેલ ન હોય, સદરહુ કેસમાં જરૂરી ન્યાયીક કાર્યવાહી અર્થે હાજર રહેવાની અને પોતાનો કેસ ગુણદોષ ઉપર આગળ ચાલે તે સંદર્ભે અરજદાર પક્ષ તરફે દરકાર દાખવેલ ન હોય, તેવા સંજોગોમાં રેકર્ડ તથા કેસની હકીકતો ધ્યાને લઈ મુ.તા. ૨૭/૦૨/૨૦૧૮ ના રોજ અરજદારના પુરાવાનો હકક પ્રોસીડીંગ્ઝ અન્વયે બંધ કરવાનો હુકમ કરેલ છે.

(૬) ત્યારબાદ સામાવાળા પક્ષના પુરાવાના સ્ટેજે પુરતી તક આપવા છતાં, પુરાવો રજુ થતો ન હોય, મુ.તા. ૦૩/૦૩/૧૮ ના રોજ પ્રોસીડીંગ્ઝ અન્વયે સામાવાળા પક્ષના પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) સદરહુ કામે અરજદારના દલીલના સ્ટેજે યોગ્ય અને પુરતી તકો આપવા છતાં, અરજદાર તરફે કોઈ લેખીત કે મૌખિક દલીલ રજુ થયેલ ન હોય, અરજદારનો દલીલનો હકક મુ.તા. ૨૧/૦૩/૧૮ ના રોજ બંધ કરવાનો પ્રોસીડીંગ્ઝ અન્વયે હુકમ

કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાની દલીલના સ્ટેજે યોગ્ય તક આપવા છતાં, સામાવાળા તરફે દલીલ રજુ કરેલ ન હોય, આથી સામાવાળા પક્ષ ની દલીલનો હકક મુ.તા. ૨૮/૦૩/૧૮ ના પ્રોસીડીંગ્ઝ અન્વયે બંધ કરવામાં આવેલ છે.

(૮) ઉપરોકત હકીકતોના આધારે સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

## મુદ્દા

(૧) શું અરજદાર તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવાની દાદ મેળવવા હકકદાર થાય છે ?

(૨) શું હુકમ?

(૯) **નિર્ણય**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## –: કારણો :–

(૧૦) સદરહુ કામે રેકર્ડ ધ્યાને લીધું. સદરહુ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ અરજદાર તરફે આંક–૪થી અરજદારનું માંગણીનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. અગાઉ ચર્ચા કર્યા મુજબ સામાવાળા પક્ષને અનેક મુદ્દતો દરમ્યાન પુરતી તકો આપવા છતાં, જવાબ રજુ થયેલ ન હોય, સામાવાળા પક્ષના જવાબનો હકક મુ.તા. ૧૬/૦૧/૨૦૧૮ ના રોજ બંધ કરવામાં આવેલ છે. સદરહુ કામે અરજદારના પુરાવાના સ્ટેજે પુરતી તકો આપવા છતાં અરજદાર પક્ષ તરફે અત્રેની કોર્ટ સમક્ષ કોઈ પુરાવો રજુ કરેલ ન હોય, અરજદાર પક્ષ તરફે સોગંદ ઉપર જુબાની આપેલ ન હોય, ત્યારે અરજદારે આંક–૪ થી રજુ કરેલ માંગણીના નિવેદનમાં જણાવેલ હકીકતો સંદર્ભે કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવા રજુ કરેલ ન હોય, ત્યારે અરજદારે માંગણીના નિવેદનમાં જણાવેલ હકીકતો અત્રેની અદાલત સમક્ષ અરજદાર પક્ષ ધ્વારા પુરવાર કરેલ ન હોય, તેવા સંજોગોમાં સદરહુ કામના અરજદારે માંગણીના

નિવેદનમાં જણાવ્યા મુજબ જણાવેલ હકીકતો લક્ષમાં લઈએ તો, અરજદાર સામાવાળાને ત્યાં છેલ્લા ચાર વર્ષ નવ મહિનાથી આસી.ગૃહપતિ તરીકે કામ કરતા હતા અને છેલ્લે માસિક પગાર રૂા. ૪૨૫૦/– વેતન મળતું હતું તથા સામાવાળાએ તેઓને તા. ૦૭/૦૯/૦૩ ના રોજ તદ્દન ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી અચાનક છુટા કરી દીધેલ હોવાનું પુરવાર કરેલ ન હોય, તેમજ સદરહુ કામે સામાવાળા ધ્વારા સદરહુ કાયદાની કલમ–૨૫–એફ–જી–એચ નો ભંગ કરેલ હોવા બાબતે જણાવેલ હકીકતો પુરવાર કરેલ ન હોય, ત્યારે સદરહુ કામે અરજદાર પક્ષ ધ્વારા માંગણીના નિવેદન અન્વયે જણાવેલ હકીકતો અત્રેની અદાલત સમક્ષ પુરવાર કરવામાં આવેલ નથી.

(૧૧) આમ, સદરહુ કામે અરજદારે આંક–૪ થી રજુ માંગણીના નિવેદન અન્વયે જણાવેલ હકીકતોના સમર્થનમાં અરજદાર પક્ષ તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા દરકાર દાખવેલ ન હોય, સદરહુ રેફરન્સ સને–૨૦૦૩ નો હોય, આ પ્રકારના સંજોગોમાં જયારે કોઈ પક્ષકાર ન્યાયિક કાર્યવાહી શરુ કર્યા બાદ તે પરત્વે બેદરકારી દાખવતા હોય, ત્યારે અદાલતે પણ અમર્યાદિત સમયગાળા સુધી જે તે પક્ષકારને અદાલત સમક્ષ હાજર થવા માટે રાહ જોવી પણ ન્યાયોચિત જણાતું નથી, કારણ જે તે પક્ષકારે પોતાના કેસમાં અદાલત સમક્ષ ન્યાયિક કાર્યવાહી ચલાવવા બાબતે હાજર રહેવું જોઈએ, આવા સંજોગોમાં જો પક્ષકાર પોતે બેદરકારી દાખવે ત્યારે અદાલતે વિવેકાધિન સત્તા અન્વયે ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવા સિવાય વિકલ્પ રહેતો ન હોય, ત્યારે સદરહુ રેફરન્સના કામે ઉપલબ્ધ રેકર્ડના આધારે અત્રેની અદાલતે ન્યાય નિર્ણય કરવાનો રહેતો હોય, તેવા સંજોગોમાં સદરહુ કામના અરજદારે આંક–૪ થી રજુ માંગણીના નિવેદનના સમર્થનમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ ન હોય, ત્યારે સદરહુ કામના સામાવાળાએ આઈ.ડી. એકટ–૧૯૪૭ ની કલમ–૨૫–એફ–જી–એચ નો ભંગ કરેલ હોવાનું પુરવાર કરવામાં અરજદાર પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, તે રીતે સામાવાળા ધ્વારા તેઓની ગેરકાયદેસર છટ્ટણી કરેલ હોવાનું અરજદાર પક્ષે પુરવાર કરેલ ન હોય, ત્યારે સદરહુ

રેફરન્સ અન્વયે અનુસુચિ મુજબની દાદ ગ્રાહય રાખવાપાત્ર  ન હોય, તે મુજબ મુદ્દા નં. ૧ નો નિર્ણય તે રીતે નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**—:: હુ ક મ ::—**

(૧) આથી સદરહુ રેફરન્સ કેસ રદૃ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહુ કામે ખર્ચ  પેટે કોઈ હુકમ નથી.

ભાવનગર.
તારીખ: ૦૩/૦૪/૨૦૧૮

( Ms. Meetaben Dilipkumar Seta)
GJ00649
**પ્રમુખ અધિકારી,**
**શ્રમ અદાલત નં. ૨,  ભાવનગર.**

(એમ.વી.પોપટ)